# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 20-09-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના વર્ધાનાં પ્રવાસે- પીએમ વિશ્વકર્મા યોજનાનાં એક વર્ષ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઝારખંડનાં રાંચીમાં ICAR -નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સેકન્ડરી એગ્રિકલ્ચરનાં શતાબ્દિ વર્ષની ઉજવણી પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરશે
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે
- ✓ હવામાન વિભાગની આજે આંદામાન અને નિકાબોર ટાપુઓમાં ભારે વરસાદની આગાહી
- ✓ ભારતે બાંગલાદેશ સામે ટેસ્ટ મેચનાં પ્રથમ દિવસે આર અશ્વિનની સદીની મદદથી છ વિકેટે 339 રન કર્યા

## *PM MAHARASHTRA VISIT*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના વર્ધાની મુલાકાત લેશે. શ્રી મોદી રાષ્ટ્રીય પીએમ વિશ્વકર્મા યોજનાનાં એક વર્ષ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે. કાર્યક્રમ દરમિયાન, શ્રી મોદી PM વિશ્વકર્મા યોજનાનાં લાભાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરશે અને લોનની રકમ જમા કરાવશે.**

પરંપરાગત વ્યવસાયો સાથે સંકળાયેલા કલાકારોનાં કૌશલ્ય વિકાસ માટે પીએમ વિશ્વકર્મા યોજના શરૂ કરવામાં આવી હતી. શ્રી મોદી વર્ધામાં આયોજિત કાર્યક્રમમાં લાભાર્થીને ટુલ કિટ અર્પણ કરશે. તેઓ થીમ પેવેલિયન ખાતે કલાકારો સાથે વાતચીત પણ કરશે. શ્રી મોદી  અમરાવતી જિલ્લામાં સ્થપાનાર પીએમ મિત્ર ટેક્સટાઇલ પાર્કનું શિલારોપણ કરશે અને મહારાષ્ટ્ર સરકારની બે યોજનાઓ શરૂ કરશે.

.................

## *PRESIDENT- RANCHI*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ઝારખંડની રાજધાની રાંચીમાં નામકુમ ખાતે ICAR -નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સેકન્ડરી એગ્રિકલ્ચરનાં શતાબ્દિ વર્ષની ઉજવણી પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરશે. આ સંસ્થાએ નવીનીકરણ દ્વારા 100 કરોડ રૂપિયાની વધારાની આવક પેદા કરી છે અને દેશમાં લાખના ઉત્પાદનને સ્થિરતા આપી છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ સંસ્થાના વૈજ્ઞાનિકો સાથે વાતચીત કરશે. સંસ્થાએ છેલ્લાં 100 વર્ષમાં લાખની વૈજ્ઞાનિક ખેતી દ્વારા અનેક ખેડૂતોને મદદ કરી છે, ખાસ કરીને ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઓડિશા, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળનાં વંચિત જિલ્લાઓમાં રહેતા 10 લાખ આદિવાસી અને ગરીબ ખેડૂત પરિવારોને તેનો ફાયદો થયો છે.

.................

## *VP- VISIT DAMAN*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે આવશે. કેન્દ્રશાસિત પ્રદેશની તેમની આ પ્રથમ મુલાકાત છે. આ દરમિયાન શ્રી ધનખડ અનેક માળખાકીય અને વિકાસ યોજનાઓની મુલાકાત લેશે અને તેનું ઉદ્ઘાટન કરશે. તેઓ આવતી કાલે દમણના જામપોરમાં પક્ષીગૃહનું ઉદ્ઘાટન કરશે. તેઓ આરોગ્ય અને સુખાકારી કેન્દ્ર, સરકારી એન્જિનિયરિંગ

કોલેજ અને રીંગણવાડા પંચાયત અને જમ્પરિન ખાતે રીંગણવાડા શાળાની પણ મુલાકાત લેશે.

તેઓ આવતીકાલે સિલવાસામાં નમો ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચની મુલાકાત લેશે. આ ઉપરાંત તેઓ દીવમાં સ્થાનિક પંચાયતો અને નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળશે. આ ઉપરાંત ધનખડ, ખુખરી વેસલ અને દીવ કિલ્લા સહિત મુખ્ય સ્થળોની મુલાકાત લેશે. 22 સપ્ટેમ્બરે તેઓ દીવમાં ઘોઘલા બ્લુ ફ્લેગ બીચ અને ઘોઘલા ટેન્ટ સિટીની મુલાકાત લેશે. તેઓ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત બનેલા ફ્લેટ્સ અને દીવ ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.

.................

## *MEA-PM US VISIT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી અમેરિકાના ત્રણ દિવસનાં પ્રવાસે જશે. ગઇકાલે નવી દિલ્હીમાં માધ્યમોને સંબોધતા વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી અનેક દ્વિપક્ષીય અને બહુપક્ષીય પાસાઓ પર ચર્ચા કરશે. પ્રધાનમંત્રી આવતીકાલે ક્વાડ નેતાઓનાં ચોથા સંમેલનમાં ભાગ લેશે. સંમેલનથી અલગ તેઓ અનેક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. શ્રી મિસરીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી રવિવારે અમેરિકામાં વસતા વિશાળ ભારતીય સમુદાય સાથે વાતચીત કરશે. તેઓ સોમવારે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં શિખર સંમેલનને સંબોધિત કરશે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે પ્રધાનમંત્રી અમેરિકાની અગ્રણી કંપનીઓનાં સીઇઓ સાથે પણ વાતચીત કરશે.

.................

## *BJP HARYANA MANIFESTO*

હરિયાણા વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે. ત્યારે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ આજે હરિયાણાના જગાધાર ખાતે રોડ-શો યોજશે.

દરમિયાન ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ, જગત પ્રકાશ નડ્ડાએ ગઇકાલે રોહતકમાં હરિયાણા વિધાનસભાની ચૂંટણી માટેનો ઢંઢેરો બહાર પાડ્યો હતો. સંકલ્પ પત્ર નામનાં આ ઢંઢેરામાં 20 વચનો આપવામાં આવ્યા છે, જેમાં લાડો લક્ષ્મી યોજના હેઠળ તમામ મહિલાઓને દર મહિને 2100 રૂપિયા, 10 ઔદ્યોગિક શહેરોનું નિર્માણ, પ્રતિ શહેર 50 હજાર સ્થાનિક યુવાનોને નોકરી આપનાર ઉદ્યોગ સાહસિકોને વિશેષ પ્રોત્સાહન, ચિરાયુ-આયુષ્યમાન યોજના હેઠળ દરેક પરિવારને 10 લાખ રૂપિયા સુધીની મફત સારવારનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ભાજપે લઘુતમ ટેકાના ભાવે 24 પાકની ખરીદી, હર ઘર ગૃહિણી યોજના હેઠળ 500 રૂપિયામાં સિલિન્ડર અને અવ્વલ બાલિકા યોજના હેઠળ દરેક ગ્રામીણ વિસ્તારોમાં કોલેજ જતી દરેક વિદ્યાર્થિનીને સ્કુટર આપવાનું વચન પણ આપવામાં આવ્યું છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

.................

## *NIRMALA SITARAMAN PUNE*

કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના લક્ષ્યને આગળ ધપાવવામાં બેંકિંગ ક્ષેત્રએ નિર્ણાયક ભૂમિકા ભજવવી પડશે. ગઈકાલે પૂણેમાં બેંક ઓફ મહારાષ્ટ્રનાં 90મા સ્થાપના દિવસ પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં સુશ્રી સીતારમણે MSME સેક્ટરને ટેકો આપવાના મહત્વ પર ભાર મૂક્યો અને બેંક દ્વારા અમલી બનાવવામં આવેલા 'કેશ ફ્લો-આધારિત ધિરાણ' મોડલની પ્રશંસા કરી હતી.

તેમણે માળખાકીય સુવિધાઓ માટે ભંડોળ, ઔપચારિક બેંકિંગ સેવાઓ વધુ સુગમ બનાવવા, અને

તમામ નાગરિકો માટે વ્યાપક વીમા કવરેજની ખાતરી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, સરકારી વીમા યોજનાઓને ગરીબમાં ગરીબ લોકો સુધી પહોંચાડવામાં જાહેર ક્ષેત્રની બેંકો નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

.................

## *WAQF (AMENDMENT) BILL, 2024*

લોકસભા સાંસદ જગદંબીકા પાલની અધ્યક્ષતા હેઠળ વકફ(સુધારા) ખરડો, ૨૦૨૪ માટેની સંયુક્ત સમિતિની બેઠક ગઈકાલે નવી દિલ્હી ખાતે યોજાઇ હતી. આ ખરડાનો હેતુ વકફ મિલકતોના સંચાલનની પ્રવર્તમાન ખામીઓને દૂર કરવાનો અને તેના વહીવટ અને સંચાલનની કાર્યક્ષમતા વધારવાનો છે. વકફ (સુધારા) ખરડાનું લખાણ લોકસભાની વેબસાઇટ પર હિન્દી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે બજેટ સત્ર દરમિયાન લોકસભામાં રજૂ કરાયેલ આ ખરડાને સંસદની સંયુક્ત સમિતિને મોકલવામાં આવ્યું હતું.

.................

## *SHARJAH INVESTMENT*

શારજાહ ઇન્વેસ્ટમેન્ટ ફોરમ SIF 2024 ની સાતમી આવૃત્તિનું ગઈ કાલે સમાપન થયું હતું. આ સાથે ફ્યુચરિસ્ટિક વિઝન ફોર સ્માર્ટ ઇકોનોમીઝ વિષય પર બે દિવસની સઘન ચર્ચાનો અંત આવ્યો છે. આ કાર્યક્રમમાં 100થી વધુ સત્રોમાં 80થી વધુ પ્રતિષ્ઠિત વૈશ્વિક મહાનુભાવોએ ભાગ લીધો હતો. મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા વિસ્તારમાં અગ્રણી રોકાણ પરિષદ તરીકે જાણીતા ધ શારજાહ ઇન્વેસ્ટમેન્ટ ફોરમનું આયોજન શારજાહ FDI ઓફિસ દ્વારા કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં સંયુક્ત આરબ અમિરાત અને ભારત વચ્ચે આર્થિક સંબંધોને વેગ આપવા પર ચર્ચા થઈ હતી.

.................

## *IMD*

ભારતીય હવામાન વિભાગે આજે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર, પૂર્વ મધ્યપ્રદેશ, છત્તીસગઢ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં 22 થી 25 સપ્ટેમ્બર દરમિયાન છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થવાની સંભાવના છે. આ સપ્તાહ  દરમિયાન કોંકણ, ગોવા, મરાઠવાડા, રાયલસીમા અને તટીય કર્ણાટકમાં છૂટાછવાયા અને હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આજે તામિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ગરમ અને ભેજવાળા હવામાનની આગાહી કરી છે.

.................

## *INDIA BANGLADESH CRICKET TEST*

ચેન્નાઇના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ભારત અને બાંગલાદેશ વચ્ચે ગઇકાલે શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે છ વિકેટે 339 રન કર્યા છે. આર અશ્વિને કારકિર્દીની છઠ્ઠી ટેસ્ટ સદી નોંધાવી હતી અને 102 રને અણનમ રહ્યા હતા. રવિન્દ્ર જાડેજા પણ 86 રને અણનમ હતા. યશસ્વી જયસ્વાલે 56 તથા રિષભ પંતે 39

રન કર્યા હતા. બાંગલાદેશ વતી હસન મહમુદે ચાર વિકેટ લીધી હતી. અગાઉ, બાંગલાદેશે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી.

.................

## *BADMINTON - CHINA OPEN*

બેડમિન્ટનમાં ભારતીય શટલર માલવિકા બંસોડ આજે ચાઇના ઓપન BWF Super 1000 ટુર્નામેન્ટમાં વિમેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલ મેચમાં જાપાનની અકાને યામાગુચીનો સામનો કરશે. ગઇકાલે ચીનના ચાંગઝોઉ ખાતે 23 વર્ષીય માલવિકાએ વિશ્વમાં 25મો ક્રમ ધરાવતી સ્કોટલેન્ડની કિર્સ્ટી ગિલમોરને હરાવી હતી. ટુર્નામેન્ટમાં માલવિકા એક માત્ર ભારતીય ખેલાડી હજુ રમતમાં છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે મારા સહયોગી અનિલ પટેલ....

- તિરુપતિ મંદિરમાં પ્રસાદમાં અપાતા લાડુમાં પશુની ચરબી અને માછલીનું તેલ હોવાનાં આંધ્રપ્રદેશનાં મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુનાં આક્ષેપ અંગેનાં સમાચારને તમામ ગુજરાતી દૈનિકોએ પ્રથમ પાને હેડલાઇન બનાવી છે.
- સંદેશનું શિર્ષક છે- હે ભગવાન. તિરુપતિ મંદિરનાં પ્રસાદમાં પ્રાણિજ ચરબી, બીફ ટેલોની NDDBની પુષ્ટિ. ફુલછાબ લખે છે- તિરુપતિ મંદિરના લાડુમાં ઘીના બદલે પશુની ચરબી.
- પન્નુની હત્યાનાં કાવતરા કેસમાં અમેરિકન કોર્ટનું ભારત સરકાર અને અજીત ડોભાલને સમન્સ- આ સમાચારને નવગુજરાત સમય, દિવ્ય ભાસ્કર, સંદેશ અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- કેનેડાએ સ્ટડી પરમિટની સંખ્યામાં ઘટાડો કર્યો હોવાનાં સમાચાર ગુજરાત સમાચાર, સંદેશ, નવનગુજરાત સમયે પ્રકાશિત કર્યા છે

- રાજ્યમાં 2021માં રેકોર્ડબ્રેક 7 લાખ 25 હજાર લોકોનાં મૃત્યુ, કોવિડ પીકનાં ત્રણ માસમાં જ 3 લાખ 46  હજારનાં મૃત્યુ- આ શિર્ષક સાથે સંદેશે અહેવાલ પ્રસિદ્ધ કર્યો છે.
- ફુલછાબ લખે છે- ટેલિકોમ કંપનીઓને સુપ્રીમમાં ઝટકો- સરકારને 1 લાખ 70 હજાર કરોડ ચૂકવવામાં કોઈ રાહત નહીં
- ઇન્ડિયન એક્સપ્રેસ અને રાજસ્થાન પત્રિકાએ પ્રથમ પાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરમાં યોજેલા રોડ શોની તસવીર પ્રકાશિત કરી છે

.................